**JAYA RAMESH JAGIRDAR - 4002 0444**

**Change of Address**

**LAXMICHAND SUNDERJI NAGDA,**
H.No. 3-4-19&19/1, Block-A, Flat No. 203,
H.S.R. Dr. Bhoomanna Enclave,
Barkatpura, Hyderabad - 500 027.

## હંસલે જો સંદેશ

હંસલે આંજો શક્તિમાન આય...
પ્રેમ જગત કે સમર્પીત આપ...
શક્તિ પ્રદર્શન સ્વભાવ મેં નાય...
પ્રેમથી જીવીને સમસ્ત ભુમંડલમેં
જગતવીર બન્યો આય...
અચો હૃદયજી પ્રેમ સાગરમેં ડુબકી મારીને
ક્રોધ જો ખોફ હલકો કરો
હી હોનજો સંદેશો આય....

**હંસકુમાર રાયચંદ સાયલા**


## કેવલ અને કંચન ગૃહ ઉદ્યોગ

ઘીજીરા, ઘીસાદા, કોરાસાદા, મેથી, મેથી મસાલા, ચોરા ફરી, મઠકોયડ, તીલબાજર,
ખીચડી મસાલા, સેજવાન, ઢોસા ખાખરા, પાણીપુરી
હોમ ડીલવરી કરવામાં આવશે.

**બધી વેરાઈટીના ખાખરા મળશે.**

**ઘર – ૨૭૬૦૮૧૯૭, ગૌરવ ગાલા – ૯૩૪૬૦ ૧૦૧૬૫**
**અલ્પા ગાલા – ૯૮૪૯૦ ૧૦૧૬૫, બીજલ ગાલા – ૯૫૩૩૫ ૯૦૧૬૫**

(જા. ખ.)

॥ શ્રી વાસૂપૂજ્ય સ્વામીને નમઃ ॥

# શ્રી અચલગચ્છ જૈન સંઘ ના ઉપક્રમે

# શ્રી વાસૂપૂજ્ય સ્વામી જિનાલય

નરેન્દ્ર નંદુ માર્ગ, મારૂતિનગર, ચૈતન્યપુરી, હૈદરાબાદ

## પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ પ્રસંગે

# શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

**ધર્માનુરાગી ભવ્યાત્મા,**

હર્ષોલ્લાસ સાથે જણાવવાનું કે શ્રી સંઘના આંગણે શાસન સમ્રાટ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.** ની દિવ્યકૃપાથી તેમજ વર્તમાનગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** તથા સાહિત્ય દિવાકર, દક્ષિણ દીપક **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** ના શુભઆશીષ તથા **ચૈતન્યરત્ન શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ** ની કૃપા સદ્‌ભાવનાથી પર્યુષણ મહાપર્વની આરાધના મુંબઈ વીધ્યાપીઠની આરાધક બહેનો સાથે કરાવવામાં આવશે.

## પર્વાધિરાજની કાર્યક્રમ ની રૂપરેખા

દરરોજ સવારના ૭-૦૦ કલાકે સ્નાત્ર પૂજા, સવારના ૯-૦૦ કલાકે પ્રવચન, સાંજના ૭-૦૦ કલાકે પ્રતિક્રમણ, રાત્રે ૮-૦૦ કલાકે પ્રભુજીની આંગી તેમજ પ્રભુ ભક્તિ ભાવના થશે. સર્વે ભાઈ-બહેનોને કાર્યક્રમમાં અવશ્ય પધારી લાભ લેવા વિનંતી.

**શ્રાવણ વદ ૧૩ મંગળવાર તા. ૩૦-૮-૨૦૧૬**
**બપોરના ૨.૦૦ કલાકે**
### શ્રી વાસુપૂજય અનુષ્ઠાન
*સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રમના લાભાર્થી*
**માતુશ્રી પાનબાઈ ખીમજી ડુંગરશી મામણીયા પરિવાર, હૈદરાબાદ.** મેરાઉ - કચ્છ.

**શ્રાવણ વદ ૧૪ બુધવાર તા. ૩૧-૮-૨૦૧૬**
**બપોરના ૨.૦૦ કલાકે**
### શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ અનુષ્ઠાન
*સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રમના લાભાર્થી*
**પરીજ્ઞા પરેસકુમાર પટેલ પરિવાર,** અમદાવાદ
**તથા એક સદ્‌ગૃહસ્થ પરિવાર**

**શ્રાવણ વદ ૩૦ ગુરૂવાર તા. ૦૧-૯-૨૦૧૬**
### વ્યાખ્યાનમાં કલ્પસૂત્રની બોલી
બપોરના ૨.૦૦ કલાકે
### શ્રી સીદ્ધચક્ર અનુષ્ઠાન
*સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રમના લાભાર્થી*
**શ્રી માનમલજી સંદીપકુમાર સીંઘવી**
પરમ ગ્રેનાઈટ, નાગોલ, હૈદ્રાબાદ.

**ભાદરવા સુદ ૧ શુક્રવાર તા.૦૨-૦૯-૨૦૧૬**
**સવારના ૯-૦૦ કલાકે અને બપોરના ૨-૦૦ કલાકે**
### શ્રી કલ્પસૂત્ર વાંચન
*સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રમના લાભાર્થી*
**શ્રીમતી કસ્તુરબેન ધનજી લખમશી સાવલા પરિવાર, હૈદરાબાદ.** નવાવાસ - કચ્છ.

(જા.ખ.)

ભાદરવા સુદ ૨ શનિવાર ૩-૯-૨૦૧૬
સવારના ૧૦.૦૦ કલાકે

**સ્વપ્ન દર્શન,**
**સપનાજી-પારણું પધરાવવાની બોલીઓ,**
**શ્રી મહાવીર જન્મ વાંચન**

*સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રમના લાભાર્થી*
**માતુશ્રી શાંતાબેન હીરજી કાનજી ગોસર પરિવાર**
સાભરાઈ-કચ્છ, હૈદરાબાદ

ભાદરવા સુદ ૩ રવિવાર તા. ૪-૯-૨૦૧૬
સવારના ૯-૦૦ કલાકે તથા બપોરના ૨-૦૦ કલાકે

**શ્રી કલ્પસૂત્ર વાંચન**

*સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રમના લાભાર્થી*
શ્રી હીરાલાલજી, રવીકુમાર વીનયકુમાર મુણોત,
શ્રી ચમનલાલજી જીનેન્દ્રકુમાર બાફના, ચૈતન્યપુરી.
શ્રી રમેશલાલજી, સંજયકુમાર, પ્રશાંત કુમાર કોટેચા
કાચીગુડા, હૈદ્રાબાદ.

ભાદરવા સુદ ૪ સોમવાર તા. ૫-૯-૨૦૧૬
સવારના ૯-૦૦ કલાકે અને બપોરના ૨-૦૦ કલાકે

**શ્રી કલ્પસૂત્ર વાંચન**

*સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રમના લાભાર્થી*
**માતુશ્રી જેતબાઈ જેતસી ખીંચસી**
**ધુલ્લા પરિવાર**
હાલાર દલતુંગી, (હીરા હાર્ડવેર) હૈદરાબાદ

ભાદરવા સુદ ૫ મંગળવાર તા.૬-૯-૨૦૧૬
૯-૦૦ કલાકે

**શ્રી બારસા સૂત્રનું વાંચન**

અને સાંજના ૪.૦૦ કલાકે : સાંવત્સરિક પ્રતિક્રમણ
*સ્વામીવાત્સલ્ય તથા પુરા દિવસના પ્રોગ્રમના લાભાર્થી*
**માતુશ્રી ચંપાબેન હેમરાજ મૈસેરી**
**હસ્તે જયચંદભાઈ પરિવાર,** હૈદરાબાદ.

ભાદરવા સુદ ૬ ને બુધવાર તા. ૭-૯-૨૦૧૬ સવારના ૫.૩૦ કલાકે **દ્વાર ઉદ્ઘાટન**
અને ૭.૩૦ વાગે : **તપસ્વીઓના પારણા**
*લાભાર્થી :* **શ્રીમતી સોનબાઈ માણેકજી ઘેલાભાઈ લોડાયા પરિવાર (કચ્છ વારાપધર) હૈદરાબાદ**

ભક્તિ ભાવના પૂજન માટે સંગીતકાર પાર્ટી પધારશે. સર્વે ભાઈ-બહેનોને કાર્યક્રમમાં અવશ્ય પધારી લાભ લેવા વિનંતી. સાધર્મિક ભાઈ-બહેનો માટે રહેવાની સગવડ છે.

*નિમંત્રક :* **શ્રી અચલગચ્છ જૈન સંઘના જય જીનેન્દ્ર**

નરેન્દ્ર નંદુ માર્ગ, મારૂતિનગર, ચૈતન્યપુરી, હૈદરાબાદ.
ફોન : ૦૪૦-૨૪૦૪૭૭૭૪, ૨૪૦૪૭૮૬૨, ૬૪૫૮૦૦૫૫

**-: ખાસનોંધ :-**

આ નિયાપો ના આપેલી જાહેરાત ને અચલગચ્છ જૈન સંઘ ના સર્વે ભાઈ બહેનો ને મળ્યા તુલ્ય સમજવું એજ વિનંતી...

(જા.ખ.)




વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ–નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮

ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો (જા.ખ.)

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27 (જા.ખ.)



## હાર્દિક અભિનંદન

અમારો લાડલો

**C.A., ચિ. ધરણીક કિરણ હીરાલાલ શાહ**

(અંજાર) હૈદ્રાબાદ

C.A. ની પરિક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે

એ બદલ અમારો પરિવાર ગર્વ અનુભવે છે.

જોઈ તારી સફળતા અનેરી, મન અમારૂં હરખાય છે,
સદા રહે ઉજ્જવલ તમારૂં ભવિષ્ય, એવા અંતરના આશિષ...

ગૌરવ અનુભવતા

માતા - પિતા : કેતકી અને કિરણ હીરાલાલ શાહ

શ્રીમતી સુશીલાબેન હીરાલાલ પોપટલાલ શાહ, બેંગ્લોર-હૈદરાબાદ

શ્રીમતી સરલાબેન દેવસીલાલ પોપટલાલ શાહ, હૈદરાબાદ

સમસ્ત પરિવાર, સૌ સ્નેહીજન એવમ મિત્રગણના અભિનંદન (જા.ખ.)

**મીઠો આપણો કચ્છ, મીઠા કચ્છી માડુ, મીઠી કચ્છી પ્રીત, મીઠી કચ્છી રીત**

# વિવિધા

## WhatsApp નું વળગણ

છેલ્લા કેટલાક સમયથી દરેક તહેવારો વિશિષ્ટ બનતા જાય છે. કેટકેટલાય Messages, દિવાળીથી પંદર દિવસ પહેલા Advance શુભેચ્છાઓ. હિન્દુ–મુસ્લીમ–શીખ–ઈશાઈ દરેક ધર્મના, પ્રાંતોના પોતીકા તહેવારો, અંગ્રેજી મધર્સ ડે, ફાધર્સ ડે, ડાયાબીટીશ ડે, ગ્રુપોમાં હેપી બર્થ ડે, એનિવર્સરી Messages નો જાણે ધોધ, જાણીતાઓના તો ઠીક અજાણતાઓના પણ લખાણ, ફોટા અને પાછા વિડિયો પણ સવારના ઉઠતાવેત ૧૫૦ ગુડ માર્નીંગ ફૂલોમાં, ચાના કપ સાથે, નાના બાળકો, સુંદર સ્ત્રીઓના ફોટાઓ સાથે... પાછા એક ગ્રુપમાંથી ફોરવર્ડ કરી બીજા ગ્રુપોમાં ધકેલવાની રેસ... એમને કોણ સમજાવે કે તેઓ મોર્નિંગ Bad કરી રહ્યા છે. કોઈ પણ વિષય, ઈવેન્ટ, ઘટના, દુર્ઘટના, સામાજિક રાજકીય કરન્ટ ટોપીક્સ પર નિષ્ણાતોની જેમ વિશ્લેષણ. ધાર્મિક વિષયોમાં ગુરૂઓને ટપી જાય એવું જ્ઞાન બાપ રે... ગુજરાતના Next CM કોણ, પ્રથમ જૈન મુખ્યમંત્રી, GST બિલ પર નાણામંત્રી કરતાં વધારે છણાવટ, ફાયદાઓ નુકશાન ગણાવી કાઢયા. કોઈ રેલ્વે અકસ્માતના ફોટાઓ છેલ્લા ત્રણ વર્ષથી દેખાય છે. જેમાં લખેલું હોય હમણાં હમણાં નવજીવન એક્સપ્રેસનું અકસ્માત, ઉત્તરાખંડમાં પૂર રાહત વખતે આપણા લશ્કરના જવાનોએ બનાવેલ માનવ પૂલ (Human Bridge) ના એજ ફોટોગ્રાફને કાશ્મીરના પૂરના નામ સાથે પણ મોકલી અપાય છે. પશ્ચિમના કોઈ દેશમાં પડતી ભેખડોનો વીડીયો આપણો ખંડાલા ઘાટ તુટી રહ્યો છે એમ ખપાવે.

ચાલો થોડું ભૂતકાળ યાદ કરીએ. આઠ–દસ વર્ષ પહેલા Orkutનું યુવાનોને ઘેલું લાગેલું, અને ત્યારે વડીલો એમને ઓરકુટીયા યુવાનો કહી, કદાચ એમનો પરિહાસ પણ કરતા.

પરંતુ આજે WhatsApp, Face Book, Twitter કદાચ Google Search ઉપરાંત અસંખ્ય Applications ફક્ત યુવાનોને જ નહીં પણ દરેક Smart Phone ધરાવતા લોકોને ઘેલું લગાડયું છે, પછી યુવાન હોય કે વયસ્ક હોય, ગૃહિણી હોય કે પ્રોફેશ્નલ હોય, શાળામાં હોય કે કોલેજમાં હોય, ઘરે હોય કે ધંધાના ઠેકાણે હોય, લગ્નમાં હોય કે સ્મશાનમાં હોય, અને એ પણ કેટલા ટુંકા સમયગાળામાં ! Whatsapp લગભગ ૨૦૦૯ માં ચાલું થયું. શરૂઆત ફક્ત Appleના ફોનથી થઈ. શરૂઆતમાં ફક્ત Chat હતી. ૨૦૧૧માં ફોટા અને વીડીયો મોકલવાની શરૂઆત થઈ અને પછી પાછું વળીને જોયું નથી આજે દુનિયાભરમાં કરોડો લોકો Whatsappના user છે.

Facebook ની શરૂઆત લગભગ ૨૦૦૪માં College ના Group થી થઈ. ૨૦૦૬માં આમ જનતા માટે ખુલ્લું મુકાયું અને આજે કરોડો લોકો Facebook થી પોતાના Status update કરે છે, જેમાં કદાચ તમારી કામવાળી પણ હોય.

Twitter પાછું થોડુંક અલગ, એમાં તમારા Followers હોય અને તમારે Tweet કરવાનું, ૨૦૦૬ માં થોડા Private Group માં એક સાથે સંદેશ મોકલવાની જરૂરીયાતથી આ Application આવી અને આજે દિવસની ૧૦૦ કરોડથી વધારે Tweet Twitter મારફ્ત પોતાના Followers માટે upload કરાય છે.

છેલ્લે.... Google Search આજે દુનિયાના કોઈપણ ખૂણાની, કોઈ પણ વિષયની માહિતિ જોઈતી હોય તો Google Search એ માહિતિનો ખજાનો લઈને ઉપલબ્ધ છે, અને Search પણ કેટલી ઝડપી તમે લખવાનું પુરૂં કરો એ પહેલા તમને સંભવિત ઉત્તરો, Leads આપવા માટે તૈયાર, આપણને પુરૂં પણ ન કરવા દે અને એ વાપરનારાઓની સંખ્યા અધધ... આંકડાઓ.



# R.S. BANDHANI HOUSE

## કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)

## You are beautiful....we just compliment it!

abha
be gorgeous

BEAUTY & HAIR SERIVCES | SPA | TRAINING WORKSHOP

Now at New & Spacious Space

by Bhavini Patel

- ✍ Bridal Mehendi
- ✍ Bridal HD Make-up
- ✍ Bridal Packages
- ✍ Body Spa
- ✍ Hair Spa & Treatment
- ✍ Stone Theorpy
- ✍ Ultrasonic Treatment
- ✍ Foot & Hand Spa

Designer Mehendi & Grooming Classes

3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,
Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com
Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed

(જા.ખ.)

આ Social Media એ આમ જનજીવનના, એકમેકના સંપર્કના, વાતચીતના, Communication ના પરિમાણોજ બદલી નાખ્યા છે. એ એક ઉત્તમ માધ્યમ છે એક–મેકના સંપર્કમાં રહેવાની, માહિતિનો ખજાનો... આ બધી શોધોએ જીવન જીવવાનું પરિમાણ બદલી નાખ્યું છે. જમાનો Internet નો છે. પણ આપણે ફાયદો ઓછો અને સમયની બરબાદી વધુ કરીએ છીએ. દરેક પરિવારોમાં Social Media નો અતિરેક નડી રહ્યો હોય એવું જણાય છે. તકલીફ ટેકનોલોજીની નથી પણ એનો દુરૂપયોગ સતાવે છે.

આગાઉ વાર તહેવારે થતો વ્યક્તિગત સંપર્કની જગા આ Social Media એ લઈ લીધી છે. ઈઝી પણ છે બસ આવેલ મેસેજમાંથી કોઈ Select કરો અને Forward કરો પતી ગયું. પણ આપણે એવા Forwards માં નીચે નામ બદલવાની પણ દરકાર નથી કરતા.

આવેલ દરેક મેસેજ અને એમાં કરાતાં દાવાઓને સાચા માની લેવામાં આવે છે. માહિતિને ચકાસ્યા વિના સ્વીકારી લેવાય છે. Forward કરવામાં આપણે પાછળ પડતા નથી, એમાં નીચે લખેલું આવે કે મારકેટમાં નવું છે આપણે શા માટે પાછળ રહીએ. Group ને Impress કરવાની તક શા માટે ગુમાવીએ! ઘણાં બેરોજગારો ૧૮ કલાક Online હોય છે, અને સવારથી સાંજ સુધી ઈધર કા માલ ઉધર ધકેલવાનું કાર્ય કરતા હોય છે. જૂની ઘીસી પીટી માહિતિઓ, જે ભલે સત્ય–અસત્ય કે અર્ધ સત્ય હોય.

યુવાનોએ પોતાની બુદ્ધિને કસોટીની એરણ પર ચકાસવાનું લગભગ બંધ કરી દીધું છે. વાંચન જીજ્ઞાસાઓ ઘટી ગઈ છે. કુટુંબોમાં સંવાદ ઘટી રહ્યો છે. એક તો કુટુંબ નાનું, એમા વડીલો સાસુ–વહુની સિરિયલો જોઈ રહ્યા હોય, પુત્ર મોબાઈલ પર Game રમી રહ્યો હોય, પત્ની Candy Crush માં મશગુલ હોય, પુત્ર–પુત્રીઓ Whatsapp પર Chat માં વ્યસ્ત હોય પાછું ઘરમાં મહેમાન આવે તો પણ આ સિલસિલો ચાલુ રહે.

Social Media ના નકારાત્મક પાસાઓ સાથે સકારાત્મક પાસાઓ પણ છે. એના ઉપયોગની અસરકારકતાના ઉત્કૃષ્ટ દાખલાઓ પણ છે. જેવાકે ઈજીપ્તમાં યુવાનો દ્વારા સરમુખત્યારશાહી સામે વિરોધ. અન્ના હજારે કેજરીવાલના ભ્રષ્ટાચાર સામે ઝું બેશ, Hongkong માં એ શહેરને ચીનમાં વિશિષ્ટ દરજ્જા માટેની ચળવળ, પરંતુ આ બધી બેધારી તલવાર છે. તમે આકાંક્ષાઓ જગાડો અને યોગ્ય નેતૃત્વ અથવા યોગ્ય દોરવણી ન હોય તો આ જાગૃતતાને નાથવી મુશ્કેલ બની જાય અથવા એ દૂધના ઉભરાની જેમ શમી જાય છે.

Social Media ની ઉપયોગીતા અને એનું મહત્વનું શ્રેષ્ઠ મુલ્યાંકન આપણા માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટીએ ૨૦૧૪ની ચૂંટણી વખતે એનો ઉપયોગ કરીને આપણને દાખવ્યું છે.

Social Media પર આવતા ઘણાંય સંદેશાઓ/માહિતિઓ વાંધાજનક હોય છે. મોકલનારની અંગત માન્યતા હોય છે, કોમવાદી હોય છે, અંધ શ્રદ્ધાને પોષે એવી પણ હોય છે. તર્કવિહિન, અથવા ગેરસમજ, ફેલાવતી પણ હોય છે. જેને આપણે વાંચીએ છીએ, માની પણ લઈએ છીએ અને Forward પણ કરીએ છીએ.

એવું નથી લાગતું કે કદાચ આપણે વધુ રૂઢિચુસ્ત બનતા જઈએ છીએ? જરૂરી એ છે કે પોતાનું મૂલ્યાંકન પોતેજ કરીએ. સચ્ચાઈ જાતે જ ચકાસીએ અને આપણને મળેલી આ ટેકનોલોજીનો સદ્ઉપયોગ કરીએ.

**દિનેશ ગોસર**

# નાનકડી પ્રતિજ્ઞા

અત્યારે આપણી સ્કુલોનો નિયમ શું છે ? કોઈ બાળક સારું ભણે નહીં અને ફેઈલ થાય તો એ બાળક જે ક્લાસમાં હોય એજ ક્લાસમાં રહી જાય, પણ માનો કે કોઈ એવી સ્કૂલ હોય જ્યાં એવો નિયમ હોય કે જે ક્લાસ માં બાળક ફેઈલ થાય તો ત્યાંથી સીધા એને પહેલા ક્લાસમાં આવવું પડે તો એ સ્કૂલનાં વિદ્યાર્થીઓ કેવી મહેનત કરે ? એક ક્ષણ પણ નકામી ન ગુમાવે, એક મીનીટ પણ આળસ ન કરે.

મનુષ્યજન્મને દરેક ધર્મમાં અમૂલ્ય જન્મ માન્યો છે કારણ કે લાખો જીવયોનિમાંથી પાસ થઈને પછી મનુષ્યજન્મ મળે છે અને અહિંયાથી જે પાસ થાય તે સર્વોચ્ચ સ્થાન સુધી પહોંચી શકે છે પણ જો અહિંયા ફેઈલ થાય તો પાછા એ જ, પહેલેથી ચક્કર શરૂ થાય છે.

મનુષ્ય જન્મ કંઈ શાશ્વત નથી, અહીંથી મૃત્યુપામીને ક્યાંક જન્મવાનું જ છે. ક્યાં જન્મવું એ દરેકના પોતાનાં હાથમાં હોય છે. એ ક્યાં જન્મ લેશે તે તેના વર્તન અને વ્યવહારના આધારે હોય છે.

મનુષ્યભવ મળ્યા પછી શું કર્યું ? ઉપર જવા જેવું કંઈ કર્યું ? રોજ સવાર પડે છે એટલે એજ રૂટિન કાર્યો શરૂ થઈ જાય છે અને રાત પડી જાય છે. દિવસોના દિવસો અને વર્ષો પસાર થઈ જાય છે.

માટેજ, ભગવાન કહે છે અતિ દુર્લભ એવો માનવભવ મળ્યો છે ત્યારે તું તારી સમજનો વિકાસ કર, સત્યને ઓળખવા સત્ પુરુષનો, કોઈ ગુરૂનો સંગ કર, ચિંતન કર જો હું અહીં ટેમ્પરરી છું તો મારું પરમેનન્ટ સ્થાન ક્યાં છે ? ત્યાં પહોંચવા મારે શું કરવું જોઈએ ? ધર્મક્ષેત્રમાં જઈને ધર્મ કરવો જોઈએ ? પરંતુ ધર્મનો અનુભવ કરવા પહેલા અનાદિકાળનાં અવગુણોને દૂર કરવા જોઈએ, અવગુણોને દૂર કરવા સમર્પણભાવ કેળવવો જોઈએ. જેમજેમ સમર્પણ વધે છે તેમ તેમ અહમ્ શૂન્ય થઈ જાય છે, ધર્મની અનુભૂતી થાય છે અને કર્મોની નિર્જરા થાય છે, સેવાનાં ભાવ આવે છે પછી પ્રોબ્લેમ્સ સોલ્વ થવા લાગે છે... સુખ અને શાંતિનો અનુભવ થાય છે.

ભગવાન મહાવીરનું મહાવીરપણુ પણ સમર્પણભાવથી કરેલી એક નાનકડી પ્રતિજ્ઞા (નિયમ) થી જ સર્જાયુ છે! ભગવાનનો એ પૂર્વભવ, નયસાર સુથારના ભવમાં કોઈ ગુરૂનો ભેટો થયો અને સાંભળ્યું કે, બીજા ને જમાડ્યાવગર પેટમાં અન્નનાખવું તે યોગ્ય કહેવાય નહીં અર્થાત્ જમાડયા વગર જમાય નહીં આ એક વાક્ય હૃદયમાં અંકિત થઈ ગયું અને જીવનનો નિયમ થઈ ગયો... આમ નિઃસ્વાર્થપણે જમાડતાં જમાડતાં એક દિવસ જૈન મુનિનો યોગ થઈ ગયો, સંતનાં યોગે પોતે પણ સંત થઈ ગયાં સમકિત પ્રાપ્ત થઈ ગયું.

શાસ્ત્રનુ એક નાનું વાક્ય આપણા જીવનમાં વણી લઈએ તો એ કેટલા બધા કર્મો થી આપણું રક્ષણ કરે છે. એક ભાઈને ૬૦–૬૫ વર્ષની ઉમરે પેરાલીસીસ થયો, એમની ખબર જોવા અમે ગયાં અને કહ્યું કે બહુ દુઃખ નહીં લગાડતાં, જલ્દી સારું થઈ જશે. એમણે કહ્યું મારા કર્મો છે અને મારે ભોગવવાનાં છે, એમાં હરખ – શોક શાનો ?

આમાંથી માંડ ઉઠયાં હશે ત્યાં એમનાં ધર્મપત્નિનો સ્વર્ગવાસ થયો, તેઓ સારા હતાં ત્યારે પણ કહેતા કે મેં મારા કપડા કદી જાતે સીવડાવ્યા નથી, પત્નિ જોતી કે કપડા ઓછા થયાં તો સીવડાવી લાવતી અર્થાત્ બધીજ ચિંતા પત્નિ કરતી. પત્નીનાં સ્વર્ગવાસ વખતે આશ્વાસન આપવા ગયાં ત્યારે પહેલા તો એમનાં ગળે ડૂમો ભરાઈ આવ્યો એટલે થોડીવાર બોલી ન શકયા પણ પછી પાછા પોતાનાં સ્વભાવમાં આવી ગયાં અને કહ્યું – મારા કર્મો છે ને મારે ભોગવવાનાં છે એમાં હરખ શોક શાનો ?

આ ભાઈને શાસ્ત્રોનો કોઈ ઊંડો અભ્યાસ ન હતો, પરંતુ સદ્ગુરૂના વ્યાખ્યાન સાંભળીને જે થોડુ જ્ઞાન પ્રાપ્ત થયેલુ એને એમણે પોતાનાં જીવનમાં સારી રીતે પચાવ્યું હતું તેથીજ તેઓ કઠણ સમયમાં પણ સમભાવમાં રહી શક્યાં.

એક સંતે સાચુજ કહ્યું છે કે – જીવનમાં પાસ (સફળ) થવા માટે જ્ઞાનતો આટામાં (લોટમાં) મીઠું નાખીએ એટલું હોય તો પણ પુરતું છે પણ એનું ચિંતન, મનન અને આચરણ એ આટા જેટલું જોઈએ!!!

સંકલન : **હીરાવંતી કમલ દેઢિયા**



# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

**Answers to the last month quiz :**

1) Sitar
2) Tabla
3) Carnatac Classical Vocalist
4) Playback Singer
5) Flute - Bansari
6) Santoor
7) Shehnai
8) Hindustani Classical Singer
9) Sarod
10) Tabla

**The persons who have given correct answers are-**

Bharati K. Dharod
Devank D. Shah
Dhrupti Himesh Kumar Dedhia
Eesha Chawhan
Femi Gada
Heena V. Dedhia
Hemali Kantilal Mota
Jyoti Mahendra Mota
Jeenal Jitendra Lodaya
Jyoti Laxmichand Nagda
Kalpana Mehta
Khiresh Naveen Nagda
Kartik Lodaya
Manish D. Mota
Nehal Mota
Nehal Bharat Savla
Nita D. Malde
Pradeep Keshavlal Sanghvi
Rashmi Lodaya
Riddhi Chawda
Saurabh Nitin Gada
Shilpa Lalka
Sanjana Gada
Smita D. Mamania
Sonal Piyush Gosar
Yashika Jayesh Dedhia
Veea K. Gosar

## *Quiz for the Month :*

आपको बिना मात्रा के एवं बिना 'आ' का डंडा लगाए नाम बताने है । उदाहरण के लिए : फिल्म का नाम 'दम'

1) फूल का नाम
2) मिठाई का नाम
3) जानवर का नाम
4) बरतन का नाम
5) सब्जी का नाम
6) दाल का नाम
7) एक रसोई मसाला
8) राजा का नाम
9) शहर का नाम
10) भगवान कृष्ण का एक नाम
11) एक धातु का नाम
12) आंख का दुसरा नाम
13) एक ऋतु का नाम
14) एक पेड का नाम

**U can send your answers by whatsapp, sms or in writing and send it to kmm office. Names of the Persons giving correct answers will be published in Niyapo magazine.**

# શ્રદ્ધાંજલિ



## નયનાબેન જેઠાલાલ પ્રેમજી ગોગરી

ગામ નાગલપુર કચ્છ, હાલે હૈદરાબાદ

સાસુ સસરા : **સ્વ. ઉમરબાઇ પ્રેમજી માલશી ગોગરી,** નાગલપુર
માતા પિતા : **સ્વ. તેજબાઈ ગોસર ટોકરશી ગાલા,** ભુજપુર

*જીવન જીવી જાણ્યું, મુત્યુ સાર્થક કર્યું*
*જન્મ ધરીને નયનાને, શાતા હોજો એ આત્માને*

**સમય, સહેત અને સંબંધ આ ત્રણની કિમંત નથી હોતી પણ જ્યારે તેને ખોઇએ છીએ ત્યારે તેની સાચી કિમંત નો એહસાસ થાય છે.**

આપની વાત્સલ્ય રૂપી શીતળ છાયા ગુમાવી છે પરંતુ આપના દ્વારા થયેલું જીવન ઘડતર સંસ્કારોનું સીંચન અમને આત્મા બળ અને પ્રેરણા આપે છે.

આપના ચીંધેલા માર્ગે ગતીશીલ રહીયે એજ અરિહંત પ્રભુને પ્રાર્થના સહ નતમસ્તકે શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

લી. સદાય આપનો : **જેઠાલાલ પ્રેમજી ગોગરી** – ૮૭૯૦૫૮૮૫૫૫,૦૪૦–૨૪૭૫ ૪૫૫૫

(જા.ખ.)

# શ્રદ્ધાંજલિ



## નયનાબેન જેઠાલાલ પ્રેમજી ગોગરી

ગામ નાગલપુર કચ્છ, હાલે હૈદરાબાદ

અમારા પૂ. ભાભી, શાંત સ્વભાવી, સરળ સ્વભાવી – વાત્સલ્ય મુર્તી, મમતા ના દ્વાર પ્રેમાળ, ગંભીરતાના સાગર, સમજણ અને સુઝ–બુજ થી ભરપુર, કરૂણાનાં વરસાવનાર, નિસ્વાર્થી, ધર્મની સમજ વાળા, કેટલાય ઠોકડા અને ચાર ઢાળીયા, છ ઢાળીયા, કંઠસ્થ કરેલાં, અમારા આખા કુટુંબ પ્રત્યે લાગણી ધરાવનારા, પોતાના જીવનને સાર્થક બનાવનારા, પોતાના માવિત્રનું અને સસરાનું નામ ઉજવળ કરનારા. માતૃ હૃદયી એવા અમારા ભાભી આજે આ જગતથી વિદાય થયા, ત્યારે બહુજ ખોટ સાંપડે છે. વિશાળ હૃદયી એવા અમારા ભાભીને શત શત પ્રણામ વંદના તેમનો આત્માં જ્યાં પણ હોય ત્યાં સારસ્વત સુખને પામે અને જલ્દીથી જલ્દી સીજી–બુજી અને મુક્ત થાય તેવી અભીલાષા સાથે...

**કોકીલા જીતેન્દ્ર પ્રેમજી ગોગરી નાગલપુર**

**અક્ષતા હીરેન જીતેન્દ્ર ગોગરી નાગલપુર**

અલ્પા અમીત ભૂપેન્દ્ર સાવલા – સાડાઉ, અવની કલ્પેશ લક્ષ્મીચંદ છેડા રતાડીયા ગણેશવાળા

**શાન્વી, આન્યા, કેવલ** અને **ગર્વ**

**વંદના પર્લ્સ ડીલર – ૯૨૪૬૩ ૧૯૫૭૫, ૯૮૬૬૩ ૪૯૦૦૦**

(જા.ખ.)

।। જય શાંતિનાથ ।।

# હોમ સ્વીટ હોમ... ઓફિસ એટલે કુબેરનો ભંડાર...

પણ આ બન્ને સ્થળે, પાણી લીકેજ થતું હોય અને તેની દિવાલો બદરંગ હોય કલરની પોપડીઓ નીકળીને તેનું સ્વરૂપ બદલી નાખતી હોય તો ?...

આ બન્ને સ્થાનને નવું સ્વરૂપ આપી તેને ફરી ખુબસુરત બનાવવા માટે અને આપણા જીવનને ખુશહાલ બનાવવા માટે અમારો સંપર્ક કરો.

દિવાલ, ઘર, ઓફિસ, ગોડાઉન, ટેરેસ, બાલ્કની વગેરેને લીકેજ પ્રૂફ કરી તમારા મનગમતા કલર કરી તેને સ્વરૂપવાન બનાવવા માટે અમારો સહકાર મેળવો.

સંપર્ક : **વર્ધમાન દેવજી શાહ**

**C/o. NAMAN CONSTRUCTION SOLUTIONS**

**Ph : 98853 41835**

## JAI MAHAVEER

*Seasons Greetings to all of you*

- ✓ ***For all your water proofing needs such as Dripping of Water Leakage or Seepage in your terrace, toilets, bath rooms and dampening of side walls etc.***
- ✓ ***In any of the above circumstances, you may need our services to rectify them.***
- ✓ ***We carry out the job with the help of trained and efficient workers supported by our "Nano Technology" products to give you the effective results for a long time.***
- ✓ ***We under take the Job with out breaking or damaging your existing structure. Hence do not hesitate to contact us.***
- ✓ ***We also undertake colouring or painting jobs to your flats, offices, old buildings and establishments whenever the need arises..***

For Details Contact :

**VARDHAMAN D. SHAH - Mobile : 98853 41835**

***"Always remember A Stitch in time saves nine"***

(જા.ખ.)

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)
૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫,
પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. ત્રીજા રવિવારે શ્રી મેડચલ તીર્થ યાત્રાની વ્યવસ્થા છે. આવા સુંદર આયોજનનો લાભ લેવા હાર્દીક આમંત્રણ સાથે સાથે અન્યને લાભ લેવા પ્રેરીત કરશો.

શ્રી સંઘના દશાબ્દી વર્ષ નિમિત્તે અનેક કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા છે. જીનેશ્વરધામ મંદિરમાં રવિવારે પુજા કરનાર બાળકોને પ્રભાવના આપવામાં આવે છે. જેના લાભાર્થી છે. શ્રી વિક્રમભાઈ સાલેચા C/o. મેસર્સ શાંતી આર્ટ–ગુંટુર. આપશ્રીને પણ આયોજનનો લાભ લેવો હોય તો રૂા. ૧૫૦૦/– નકરો રાખવામાં આવેલ છે. જેના માટે સંચાલકનો સંપર્ક કરશોજી.

રવિવાર તા. ૧૪–૭–૨૦૧૬ ના વિશેષ કાર્યક્રમના રૂપે બે બસ દ્વારા શ્રી નવગૃહ મંદીર તથા ગુરૂકુલનો દર્શન કરવા ૬૫ જણ જોડાયા હતા સંપૂર્ણ આયોજન બહુજ ઉલ્લાસપૂર્વક તથા આનંદમય વાતાવરણમાં સંપન્ન થયો. ગુરૂકુલમાં સુંદર વ્યવસ્થા માટે જસમત નાનજીભાઇ પટેલનો આભાર.

શનિવાર તા. ૧૩–૮–૨૦૧૬ ના રાતના ૧૦.૩૦ વાગે નામપલ્લીથી દક્ષિણ એક્સપ્રેસ દ્વારા શ્રી ભાંડકજી તીર્થ યાત્રા માટે લગભગ ૯૦ જણ પ્રસ્થાન કરશે. યાત્રામાં જોડાયલા તમારા પરિવારના સભ્યોને ગુડ બાય કરવા જરૂરથી પધારશો.

રૂ. ૫૦૧/– ભરી આપશ્રી શ્રી સંઘના આજીવન સભ્ય બની શકો છે. આજીવન સભ્યને શ્રી સંઘ દ્વારા શ્રી કુલપાકજી તથા શ્રી મેડચલ તીર્થ યાત્રા કરાવવામાં આવે છે. આજીવન સભ્ય માટે ડ્રેસકોડ રાખવા વિચારાધીન છે. બેચેસ બની આવી ગયા છે જે સભ્યોને આપવામાં આવે છે.

શ્રી સંઘના ભવિષ્યના આયોજન માટે લાભલેવા આજથી જ શ્રી સંઘ પાસે રૂા. ૧૦૦૦/– દર મહીને જમા કરાવવાનું શુરૂ કરશો જેથી ડિસેમ્બર ૨૦૧૭માં આયોજીત શ્રી રાજસ્થાન યાત્રામાં આપશ્રી જોડાઈ શકશો.

શ્રી સંઘનો સાધારણ ફંડ ને મજબુત કરવા શ્રી સંઘ દ્વારા સંકલ્પ અનુદાન પત્ર બહાર પાઠવામાં આવેલ. શ્રી સંકલ્પ અનુદાન પત્ર રૂા. ૧૧૧૧/– આપી આપશ્રીના પરિવાના શુભ પ્રસંગને યાદગાર બનાવશો તથા પ્રીયજનોના સ્મૃતીમાં શ્રી સંકલ્પ અનુદાન પત્રો લઈ પુણ્યના ભાગીદાર બનશો.

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :**

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,**

**ગામ મોટા લાયજા–કચ્છ, હાલ સાયન–મુંબઈ**

**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**

(જા.ખ.)

100% Veg.

# Saryu®

## Natural Edible Jelly Gum

प्राकृतिक जेल्ली गोंद

నేచురల్ ఎడిబుల్ జెల్లీ గమ్

પ્રાકૃતિક જેલ્લી ગુંદર

**FREE HOME DELIVERY ABOVE 1KG ORDER**

**FREE HOME DELIVERY ABOVE 1KG ORDER**

### પ્રાકૃતીક જેલ્લી ગુંદર

આ ગુંદર પ્રકૃતીએ આપેલ ગુણકારી ઔષધી છે. આના નીયમીત વપરાશ કમર પગ અને હાડકાના દૂખાવામા વીષેશ લાભ કારી છે. વીષેશ કરી સ્ત્રી રોગ તથા કબજીયાતમાં ચમત્કારી રીતે ફાયદે મંદ છે. આ એક શક્તી દાયક દવા છે. એમા ભરપૂર માત્રામા કેલ્શીયમ તથા લોહતત્વ હોવાથી આનો વપરાશ જૈન સાધૂ સાધ્વી, ઉગ્ર તપસ્વી, ઉગ્ર વિહારી, લોકો નિયમીત કરતા હોય છે. આનો વપરાશ બધા માટે લાભદાયક છે.

આનો ઉપયોગ રોજ વપરાશમા સરળતાથી કરી શકાય છે. દસ (૧૦) જણ માટે એક ટેબલ સ્પૂન ગુંદર બે ટેબલ સ્પુન ખડીસાખર નૂ પાવડર (સ્વાદાણુંસાર) એક ગ્લાસ પાણી માં બે કલાક પલારી રાખવું. પલારયા પછી આનુ સ્વરૂપ જેલ્લી જેવો લાગશે. જલ્લી સ્વરૂપ ગુંદર ને કોઈ પણ થંડા પાણીના શરબત માં અથવા ફૂટ જુસમાં ટૉપીંગની જેમ વાપરી શકાય.

દેશી ગાયના કાચા દૂધમાં ઉપરોક્ત જેલ્લી વપરાશમાં લેવાથી કેલ્શીયમનો પ્રમાણ ઘણોજ વધીજાય છે. અને સ્ત્રી રોગમાં વિષેશ ફાયદા કારક રહે છે.

વિષેશ નોંધ : આ ગુંદર નો વપરાશ as it is રૂપે (કાચાસ્વરૂપમાં) કરશોજી. ગૅસ ચુલા, ઑવન કે તળવામા ઉપયોગ કરવો નહી.

જેલ્લી સ્વરૂપમાં હોવાથી નાના બાળકો એને આનંદથી ખાઈ શકે. બજારમા મળતી હાનીકારક જેલ્લી થી બચી શકાય. આનો ગુણ ધર્મ થંડો ગરમીના દીવસોમા ઘરના બધાજ સભ્યો રોજ આનો વપરાશ કરી શકે.

### NATURAL JELLY GUM

Edible Jelly Gum is one of the nature's Best Gifts. Regular usage of this can show miraculous changes in our daily life. Being rich source of iron and calcium, it is very useful for Bones. It is also helpful in back pain, digestion and especially useful for ladies health. Being rich source of calcium it is categorically consumed by Jain monks, who really fast hard and lead tough religious life. It can be really used in our daily life by simple and tasty recipe for 10 persons, take 1 table spoon of Edible Jelly Gum to be soaked for two hours in glass of drinking water along with rock sugar according to taste. After it gets transformed to jelly like crystals, it is ready to consume. It can also be added to lime water or other citrus fruit juice and drinks.

**Special for Female:** Raw milk (unboiled) of Indian cow and soak 1/2 table spoon of Jelly Gum for two hours is very helpful.

It acts as body coolant and very helpful in summer. As it appears like jelly kids will enjoy having this instead of harmful Jelly available in market.

Note: Do not heat or do not mix with heated recipes.

## SHREE GOYAM ENTERPRISES

# 188, First Floor, Sri Krupa Market, Malakpet, Hyderabad - 500 036
Phone:040-65994949, Email: shreegoyam@gmaill.com
Also available: **PRAVINCHANDRA M KARANI,**
Sidharth Shanthi Nikethan Apartment, Flat No.204, Opp:Nrupatunga College,
Kachiguda, Hyderabad -500 027 Phone:040-65544466/ 27567285, Mobile:9393334949

(જી.પ.)